GJSN020021632026

**Cr. M. A. No. 315/2026**

## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) હાલની અરજી અરજદાર/ફરિયાદી ધર્મેન્દ્રસિંહ ઉમેદસિંહ ખેર નાઓ દ્વારા લીમિટેશન એક્ટની કલમ–૫ જોગવાઈ મુજબ ફરિયાદ દાખલ કરવામાં થયેલ દિન–૦૭ નું વિલંબ માફ કરવા બાબતની દાખલ કરવામાં આવેલ છે.

(૨) અરજદાર/ફરિયાદીના વિ.વ.શ્રી તરફે રજૂઆત કરવામાં આવેલ છે કે, અરજદાર/ફરિયાદી દ્વારા નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે તે ફરિયાદ દાખલ કરવામાં તેઓને દિન–૦૭ નું વિલંબ થયેલ છે અને વધુમાં, જણાવવામાં આવેલ છે કે, અરજદાર/ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની કલમ –૧૩૮ મુજબ ફરિયાદ કરેલ છે. સદર ફરિયાદ તા.૦૫/૦૪/૨૦૨૬ ના રોજથી તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ સુધી દાખલ કરવી હતી પરંતુ ફરિયાદી બિમાર હોય જેથી ફરિયાદ દાખલ કરી શકેલ નહી. જેથી ફરિયાદ દાખલ કરવામાં દિન–૦૭ નો વિલંબ થયેલ છે જે દરગુજર કરી ફરિયાદ દાખલ કરવા હુકમ કરવા મહેરબાની કરશો.

(૩) હાલની અરજી અંગે સામાવાળાને હાજર રહેવા બાબતની નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ છે. જે નોટિસ સામાવાળાને બજી ગયેલ ત્યારબાદ સામાવાળા જાતે કે તેમના વિ.વ.શ્રી મારફત હાજર રહેલ નથી. જેથી સામાવાળાનો લેખિત વાંધા જવાબ રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૪) અરજદારના વિ.વ.શ્રી તરફે મૌખીક દલીલમાં તેઓના અરજીમાં જણાવેલ હકીકત જ તેઓની દલીલ છે તેવું જણાવેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. અરજી સાથે રજૂ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. સાંભળ્યા.

અરજદાર તરફે તેઓ બિમાર હોવાની રજૂઆતએ યોગ્ય કારણ જણાઈ આવે છે. અરજદારની ફરિયાદ દાખલ કરવામાં ઓછા દિવસનો વિલંબ છે. તેમજ નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૨(૧)(બી) ની જોગવાઇ મુજબ યોગ્ય કારણ દર્શાવ્યેથી વિલંબ માફ કરી શકાય તેવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ હાલના પ્રકારની અરજી નિર્ણય કરતી વખતે ટેકનિકલ નિર્ણય લેવાને બદલે ન્યાયી નિર્ણય લેવો આવશ્યક જણાઈ આવે છે. જો સદર અરજી મંજૂર કરવામાં આવે તો બંને પક્ષકારોની તકરારનો ન્યાયી નિર્ણય કરી શકાય એમ છે તેમજ આરોપીપક્ષને યોગ્ય બચાવની તક મળી રહે એમ છે. જે તમામ હકીકત ધ્યાને લેતા અરજદારની અરજી મંજૂર કરવાનુ ન્યાયોચિત જણાઈ આવતું હોય, નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

૧. અરજદાર/ ફરિયાદીની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

૨. ફરિયાદીની નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ દાખલ કરવામાં થયેલ દિન–૦૭ નું વિલંબ દરગુજર કરવામાં આવે છે.

૩. રજિસ્ટ્રીને હાલની ફરિયાદ ફોજદારી ફરિયાદ રજિસ્ટરે રજિસ્ટર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપી વિરુદ્ધ તા.૧૭/૦૮/૨૦૨૬ ના રોજ બજીને પરત ફરે તે રીતે નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુના અંગે સમન્સ ઇસ્યૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩ મી જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૨૬
સુરેન્દ્રનગર.

(એન.બી.શર્મા)
એડી. સિવિલ જજ અને
જે.એમ.એફ.સી.,
સુરેન્દ્રનગર.
જીજે.૦૧૭૨૮